સિંધ પ્રાંતની ભૂગોળ વિદ્યા.

[ગુજરાતી બીજા ધોરણના વિદ્યાર્થીઓને માટે.]

રચી પ્રસિદ્ધ કરનાર

લાલજી હરજીવન મેતા,

ગુજરાતી હેડ માસ્તર—સિંધ મદ્રેસા તુલ ઇસ્લામ.

અને

બુકસેલર બંદર રોડ—કરાચી.

આવૃતિ ચોથી પ્રત ૧,૦૦૦.

કરાચી.

"મરાઠા" પ્રિન્ટિંગ પ્રેસ.

સવંત ૧૯૫૮ ઈ. સ. ૧૯૦૨

કિંમત સવા આનો.

(કોઈ પણ વિદ્યાર્થી આ ભુગોળ ખરીદ કરવાને અશક્ત છે એવું પોતાના માસ્તરથી સર્ટીફીકેટ સાથે સાબીત કરશે, તેને આ ચોપડી મફત આપવામાં આવશે.)

કર્તા.

ભૂગોળ વિદ્યા.

ભૂગોળ વિદ્યા શીખવાથી થતા ફાયદા;

આ પૃથ્વી ઉપર પરમેશ્વરે બધે એક સરખી રચના કરી નથી જુદા જુદા દેશમાં જુદી જુદી જાતનાં પ્રાણીઓ અને જુદી જુદી જાતનાં વનસ્પતિ નાખ્યાં છે. તે જાણવાથી ઈશ્વરની અપાર શક્તિ માલમ પડેછે પૃથ્વી ઉપર કયા દેશ છે. ને તે કઈ કઈ દિશાએ છે. ત્યાંના લોક કેવા છે. ત્યાંની હવા કેવી છે. ત્યાં પાક શું શું થાય છે. ત્યાં રાજ્ય કેવી રીતે ચાલેછે. વગેરે ત્યાં શું બનતાનું છે. એ બધું આપણે જાણીએ છીએ અને ઘરમાં બેઠા બેઠા આખી પૃથ્વીની મુસાફરી કરવાનું સાધન ભૂગોળ વિદ્યા છે.

દિશાઓની સમજ.

દિશાઓ—ચાર છે. (૧) પૂર્વ. (૨) પશ્ચિમ, (૩) ઉત્તર, (૪) દક્ષિણ.

પૂર્વ દિશા—જે દિશામાં સૂરજ ઉગેછે તેને પૂર્વ કહેછે.

પશ્ચિમ દિશા—જે દિશામાં સૂરજ આથમેછે તેને પશ્ચિમ દિશા કહેછે.

ઉત્તર દિશા—પૂર્વ દિશા તરફ **મોં** કરી ઉભા રહીએ, તો ડાબા હાથ બાજુ ઉત્તર દિશા આવેછે.

દક્ષિણ દિશા—પૂર્વ દિશા તરફ **મોં** કરી ઉભા રહીએ તો જમણા હાથ બાજુ દક્ષિણ દિશા આવેછે.

ખૂણાઓની સમજ.

ખૂણા—ચાર છે. (૧) અગ્નિ, (૨) નૈઋત્ય, (૩) વાયવ્ય, (૪) ઈશાન.

અગ્નિ ખુણો—પૂર્વ અને દક્ષિણ દિશાની વચ્ચે છે.

નૈઋત્ય ખુણો—દક્ષિણ અને પશ્ચિમ દિશાની વચ્ચે છે.

વાવ્ય ખુણો—પશ્ચિમ અને ઉત્તર દિશાની વચ્ચે છે.

ઈશાન ખુણો—ઉત્તર અને પૂર્વ દિશાની વચ્ચે છે.

નકશો એટલે શું?—કાગળ કે કપડા પર આખી પૃથ્વી કે, તેના કોઇ પણ ભાગ અથવા નમૂના વગેરેના ચિત્રેલા આકારને નકશો કહેછે.

નકશાની દિશાઓની સમજ.

આપણે નકશા તરફ મોં કરી ઊભા રહીએ, તો આપણા જમણા હાથ ભણી આવેલી નકશાની બાજુને પૂર્વ દિશા કહેછે. ને ડાબા હાથ ભણી આવેલી નકશાની બાજુને પશ્ચિમ દિશા કહેછે. અને આપણા માથા ભણી આવેલી નકશાની બાજુને ઉત્તર દિશા કહેછે. તથા આપણા પગ ભણી આવેલી નકશાંની બાજુને દક્ષિણ દિશા કહેછે.

સિંધ પ્રાંત.

સીમા—ઉત્તરે બલુચિસ્તાન, પંજાબ, અને ભાવલપુરનો કંઈક ભાગ. પૂર્વે ભાવલપુર. જેસલમીર અને જોધપુર. દક્ષિણે કચ્છનું રણ અને અરબી સમુદ્ર. પશ્ચિમે હાલા પર્વત અને બલુચીસ્તાન છે.

વિસ્તાર—ઉત્તરે કશ્મોરથી દક્ષિણે કોરીની ખાડી સુધી સિંધ પ્રાંતની લંબાઈ ૩૪૦ મૈલ છે, અને પશ્ચિમે ભૂશીર રાસલમારીથી પૂર્વે ગવતસર સુધી પોહોળાઈ ૨૬૦ મૈલની છે. ક્ષેત્રફળ ૫૩૮૯૮ ચોરસ મૈલ છે, તેમાંથી ૬૧૦૯ ચોરસ મૈલ ખૈરપુરના દેશી રાજ્યનું અને બાકીનું ૪૭૭૮૯ અંગ્રેજી રાજ્યનું છે. અને વસ્તી ૩૪૧૨૩૯૨ માણસની છે. વસ્તીમાં ૩૨૧૨૮૦૮ ઇંગ્રેજી રાજ્યની અને ૧૯૯૫૮૫

ખૈરપુરના દેશી રાજ્યની છે. એ પ્રાંત સિંધુ નદીના બેઉ કાંઠા પર છે, તેથી તેનું નામ સિંધ પ્રાંત પડયું છે. એમાં મુસલમાનની વરતી ઘણી છે. એ પ્રાંતમાં રહેનારા લોકો સંધી કહેવાય છે, અને ભાષા સંધી બોલાય છે.

વિભાગ:—એ પ્રાંતના ૭ વિભાગ થએલા છે. ૧ કરાચી જીલ્લો, ૨ શિકારપુર જીલ્લો, ૩ હૈદ્રાબાદ જીલ્લો, ૪ ઉત્તર સરહદ, ૫ થરપારકર જિલ્લો, ખૈરપુર સંસ્થાન.

સિંધના ભાગ તથા મુખ્ય શહેર.

	ભાગ	મુખ્ય શહેર
૧	સિંધનો ઉપલો સરહદનો મુલક,	જેકમાબાદ.
૨	શિકારપુર જીલ્લો,	શિકારપુર.
૩	હૈદ્રાબાદ જિલ્લો,	હૈદ્રાબાદ.
૪	કરાચી જિલ્લો,	કરાચી.
૫	થરપારકર જિલ્લો,	ઉમરકોટ.
૬	ખૈરપુર સંસ્થાન દેશી રાજ્ય,	ખૈરપુર.

અંગ્રેજી રાજ્ય.

૧ ઉત્તર સરહદ, ૨ શિકારપુર જિલ્લો, ૩ હૈદ્રાબાદ જિલ્લો, ૪ કરાચી જિલ્લો, અને ૫ થરપારકર જિલ્લો.

મોટી નદીઓ—સિંધુ, હબ, ગાઝ, ભારન, મોહન, મલીર અને લયારી વગેરે.

પર્વતો—હાલા, (ખીરથર, કરૂ, પબ) **લક્કીના પર્વતો**—મોહન, કર્ટા, કાંબો, સરજાન, કારોટકર અને દહારીઆડો વગેરે.

સિંધમાં સૌથી મોટો પર્વત હાલા છે, તે ખીલાત અને સિંધ પ્રાંતની સરહદ પર છે. ખીરથર, કરૂ, પબ, એ પર્વતો પશ્ચિમ

સરહદ પર છે, એ પર્વતોને હાલા પર્વતની હાર કહેછે. અને લક્કીના પર્વતો— હાલા પર્વતમાંથી નીકળી સેવાનની સુધી ગયા છે તેને બગારોટો કહેછે. મોહન, કટો, કાંબો. સરજાન, કારોટકર, એ પર્વતો કરાચી જિલ્લામાં છે. દહારીઆરો પર્વત ખાનકલાતના મુલકમાં છે. એ પર્વત પર ગરમીના દહાડામાં અંગ્રેજો વગેરે બીજા અમલદારો હવા ખાવા વાસ્તે જાયછે. એ પર્વત પર કુતરાની કબર (ઘોર) છે.

બંદરો—કરાચી, કેટીબંદર ગીઝુબંદર, વગેરે.

બેટ—મનોડા બખ્ખર અને સાદબેલો.

ભુશિર—માંજ (રાસલમારી)

લશ્કરની છાવણી—કરાચી, હૈદ્રાબાદ, જેકબાબાદ વગેરે.

સરોવર—મંચ્છર, કંજોરી, સોનેરી, હાલેજી, સુમરી, મખી વગેરે.

ખાડી—કોરી, શિર, ગારો, ગિસરી.

સિંધુ નદીના ફાંટા કે નાળા.

પૂર્વ નાળો, પશ્ચિમ નાળો, અડલ ફાંટો, પીંજારી ફાંટો, બગાર ફાંટો, ફુલેલી ફાંટો, અને સતા ફાંટો.

પૂર્વ નાળો—રોહડી આગળથી નીકળી ખૈરપુર અને થરપારકર જિલ્લામાં વહી મખીના સરોવરમાં પડેછે.

પશ્ચિમ નાળો—લાડકાણા આગળથી નીકળી મહેર અને સેવાનની બાજુમાં વહી મંચ્છરના સરોવરમાં પડેછે. (એ નાળો જે પ્રદેશમાં વહેછે તેને ચાંડકો કહેછે. (ચાંડકો સિંધમાં ફળદ્રુપ છે)

અડલ ફાંટો—મંચ્છર સરોવરમાંથી નીકળી સિંધુ નદીમાં પડેછે.

પીંજારી ફાંટો—હૈદ્રાબાદની દક્ષિણે ૪૦ મૈલને છેટે બના ગામ પાસેથી નીકળી મુગલભીમની બાજુમાં વહી ગુગડાના સરોવરમાં પડેછે.

બગાડ ફાંટો—નગરઠઠ્ઠાની દક્ષિણે છે.

ફુલેલી ફાંટો—હૈદ્રાબાદની ઉત્તરે ૧૨ મેલ છેટે ગલી ગામની પાસેથી નીકળી અગ્નિ ખુણે વહેછે. (એ ફાંટાને મહમદખાનના ટંડા આગળ ગુની કહેછે.)

સતા ફાંટો—નગરઠઠ્ઠાની દક્ષિણે ભાવચીપુરની બાજુમાંથી નીકળી દક્ષિણ તરફ વહેછે.

નહેરો.

બેગાડી નહેર, નુર નહેર, સિંધ નહેર, ઘાંડ નહેર, સખર નહેર, કલ્લરી નહેર. હજામડો, નવલખી, નશીર, ઇમામ, દાદુ, ઘલો, સાંગરોમાર્ક, મીઠરાઉ, ભાનુ, થર, મીર, ખિપ્રા વગેરે છે.

બેગાડી નહેર—બુલંદકામાંથી નીકળી શિકારપુરની વચ્ચે થઈ પટ તરફ વહેછે.

નુર નહેર—બેગાડી નહેરમાંથી નીકળી જેકમાબાદ તરફ ગયો છે.

સિંધ નહેર—આબાદ ગામમાંથી નીકળી શિકારપુર આગળ વહેછે.

ઘાંડ નહેર—છતાના ગામ આગળથી નીકળી લાડકાણાની બાજુમાં વહેછે.

સખર નહેર—સખર આગળથી નીકળી અલાદાદાણીના ગામ આગળ સિંધ નહેરની પુછડી સાથે મળેછે. (એ પાંચ નહેરો શિકારપુર જિલ્લામાં છે)

કલરી નહેર, નવલખી નહેર, કરાચી જિલ્લામાં છે.

નશીર નહેર, નવલખી નહેર, ઇમામ નહેર, દાદુ, ઘલો, સાંગરોમાર્ક, એ હૈદ્રાબાદ જિલ્લામાં છે.

મીઠરાઉ કે ભાનુ, થર, ખિપ્રા, એ નહેરો પર્વ નાળામાંથી નીકળી થરપારકર જિલ્લામાં વહેછે.

વખણાયલી વસ્તુવાળા શહેરો.

શહેર	શું શું થાય છે.
હૈદ્રાબાદમાં—	સોનેરી તથા રેશમી ભરત, સોના ઉપર કુંદન કામ, રૂપા ઉપર મીનાકારીનું કામ, હાથીદાંતનાં રમકડાં તથાં સંઘાડાનું કામ.

હાલા અને નશરપુરમાં—માટીના વાસણો ઉપર મીનાકારીનું કામ.

નસરપુર, ગંબટ અને રાણીપુરમાં—સુતરાઉ કાપડ, ચાદરો, ધાબળીઓ અને સુસીઓ.

લાડકાણામાં—કાંસાના વાસણ અને સંધી કાગળ.

શિકારપુરમાં—	નકશી તથા ભરત કામ, હાથીદાંતનાં રમકડાં વગેરે.
નગરઠઠામા—	રેશમી લુંગીઓ, અજરકો અને સરબત.
ભુભકમાં—	ગાલીચા (શેતરંજી) તમાકુ વગેરે.
થરપારકરમાં—	ઊંટો, કામળીઓ, ચામડાની વસ્તુ વગેરે.
કંડીઆરામાં—	સંધી કાગળ.

મહારીપુર અને ઢેલીઆરમાં—ગીહું. **સીરગંડામાં**—વડાગરૂ મી

ધર્મ—હિંદુ, એ ધર્મના અનેક પંથ છે તેમાં વૈશ્નવ, જૈન, શૈવ રામાનુજ વગે

પાક—આ પ્રાંતમાં બે પાક થાય છે. ૧ ચોમાસાનો (ખરિફ) ૨ શિયાળાન (રબિ) ખરિફ પાક પાણી ચડતી વખતે વાવે છે. ને કાર્ત મહીનામાં તૈયાર થાયછે. તે પાકમાં ડાંગર, જુવાર, બાજરી, તલ રૂ, શેરડી. તમાકુ, ગળી વગેરે પાકે છે. રબિ પાક પાણી ઉતરી ગયા પછી પળાળેલી જમીનમાં વાવે છે. એ પાક ચૈત્ર મહીનામાં તૈયાર

નેં જવ, ચણા, ચોણુ, મટર, સરસી, જાંઓ

તેનાનામ ચરખી એટલે જે જમીનને રેટની પાણી પાય છે બીજી સેલાબી (દોળાણવાળી) એટલે જે જમીનને નહેરોને રસ્તે પાણી પાય છે અને ત્રીજી મોશ્રી એટલે જે જમીન પાણી ચડે ત્યારે પલળી રહે પણ પુર કમતી હોવાથી ઊંચાણમાં પાણી જઇ શકે નહી તે વખતે તેને રેટથી પાણી પાય છે.

રવાનગી—(પરદેશ જાય છે) લુગડાંનાં ચીથરાં, ચામડા, રૂ, ઉન, ઘઉં, સરસી, જુવાર, હાડકાં વગેરે.

આમદાની—(પરદેશથી આવેછે) લોઢુ કોયલા, સોનું રૂપું ત્રાંબું, પીતળ, કાપડ, સંચા, ચીની વાસણ, ચા, પ્યાસ્તર, દીવાસળી, કાચ, લોઢાનો સામાન, રબર, કાગળ, દારૂ, ટીન, વગેરે ઘણોજ વિલાયતી સામાન આવેછે.

—ઉત્તર અને મધ્ય ભાગમાં ઠંડી તથા ગરમી ઘણીજ પડેછે. પરંતુ દક્ષિણના ભાગમાં ઠંડી તથા ગરમી માફક છે.

ાર—અગાઉ એ પ્રાંતમાં ફકત ૧૨ લાખ રૂપીઆનો વેપાર ચાલતો હતો, અને હાલ આગગાડી તથા આગબોટની સહેલાઇથી ૧૨ કરોડ રૂપીઆનો વેપાર ચાલેછે,

સરકારને હાલ પાંચ જાતની પેદાસ છે ૧ જમીન નોકર. ૨ કસ્ટમડયુટી ટલે માલની આવક પરની જકાત ૩ નીશાવાળી જણસો ઊપરની જકાત, મીઠાઊપરની જકાત ૫ ઇનકમ ટેકસ એટલે વરસની આવક ઊપરનો કર.

નદીઓ.

ધુ નદી—હિમાલય પર્વતની ઉત્તરે ટિબેટના માનસરોવરમાંથી નીકળી ૧૮૦૦ મૈલ વહી અરબી સમુદ્રને મળેછે. એના ઉપર સખર, રોહડી, લાડકાણા, સેવાન, કોટ્રી, ગીધુબંદર, ઝરક, કેટીબંદર વગેરે શહેરો છે.

હુબ--બલુચીસ્તાનના ડુંગરમાંથી નીકળી ૧૧૦ મૈલ સિંધ અને લસબેલામાંથી વહી રાસલમારી આગળ આરબી સમુદ્રને મળેછે.

ગાઝ—ખીરથર પર્વતમાંથી નીકળી કુલજી આગળ પશ્ચિમ નાળાને મળેછે.

બારાન—ખીરથર પર્વતમાંથી નીકળી ૯૦ મૈલ વહી કોટ્રી આગળ સિંધુ નદીને મળેછે.

મોહન--રાનીકોટ આગળથી નીકળી સનગામ આગળ સિંધુ નદીને મળેછે.

મલીર—પબ પર્વતમાંથી નીકળી કરાચીની બાજુ (ગીસરીની ખાડી) માં અરબી સમુદ્રને મળેછે.

લયારી—પબ પર્વતની ટેકરીમાંથી નીકળી અરબી સમુદ્રને મળેછે.

રાજ્ય રીતી.

આખા સિંધ પ્રાંતમાં મોટા હાકેમ કમીસ્નર સાહેબ રહેછે.

સિંધ પ્રાંતના ત્રણ જિલ્લા, જેવા કે: કરાચી જીલ્લો હૈદ્રાબાદ જિલ્લો અને શિકારપુર જિલ્લો. એ દરેક જિલ્લાના કારભાર કલેકટર સાહેબ કરેછે. અને તેઓના હાથ નીચેના તાલુકાનો કારભાર ડેપ્યુટી કલેકટર કરેછે. અને ખજાનાને માટે એક હજુર ડેપ્યુટી કલેકટર રહેછે. ઉત્તર સરહદ તથા થરપારકર જિલ્લાનો કારભાર ડેપ્યુટી કમીસ્નર સાહેબ કરેછે. દરેક ડેપ્યુટી કલેકટરની વતી મામલતદાર (મુખત્યારકાર) રહેછે.

કરાચી જિલ્લો.

સીમા—ઉત્તરે શિકારપુર જિલ્લો, પૂર્વે સિંધુ નદી; હૈદ્રાબાદ જિલ્લો, અને કચ્છનું રણ, દક્ષિણે અરબી સમુદ્ર, પશ્ચિમે બલુચિસ્તાન અને લસબેલા છે.

વિસ્તાર—ક્ષેત્રફળ ૧૪૩૦૩ ચોરસ મૈલ છે, અને વસ્તી ૬૦૭૪૩૯ માણુસની છે.

નદીઓ—હબ, ગાર, બારાન, ગોહન, મલીર અને લયારી વગેરે.

પર્વત—પબ, ખીરથર અને લક્ષીના પર્વતો વગેરે.

સરોવર—મંચ્છર, કંઝરી, સોનારી, હાલેજી, ગુગંડા વગેરે.

મુખ્ય શહેર—કરાચી, નગરઠઠ્ઠા, ઝરક, મીરપુરસાકરો, કેટીબંદર (ઘોડાબારી) કોટ્રી, મીરપુરબઠોરા, સુજાવલ, સેવાન, શાહબંદર, મુગળભીમ, માર્ઝીદા વગેરે.

મુખ્ય રેલવે સ્ટેશન—કરાચી, જુંગશાહી, કોટ્રી, સેવાન, દાદુ, વગેરે

પેદાશ—ડાંગર, ઘઉં, બાજરી, જુવાર, જવ, સરસી, તલ, મગ, મહા[illegible], તમાકું, ઉન, શેરડી વગેરે.

રાજ્ય રિતી—આ જિલ્લામાં ત્રણ ડેપ્યુટી કલેકટર રહેછે. ૧ સેવાનનો, ૨ ઝરકનો, ૩ શાહબંદરનો, તેઓના તાબામાં ૧૩ તાલુકા છે. સેવાન. દાદુ, માર્ઝીદા, કોટ્રી, જાનુઈ, એ તાલુકા સેવનના ડેપ્યુટી કલેકટરના તાબામાં છે. કરાચી. નગરઠઠ્ઠા. ઘોડાબારી, મીરપુરસાકરો એ તાલુકા ઝરકના ડેપ્યુટી કલેકટરના તાબામાં છે. મીરપુરબઠોરો, સુજાવલ, જાતી શાહબંદર એ તાલુકા શાહબંદરના ડેપ્યુટી કલેકટરના તાબામાં છે.

વિશેષ હકીકત—મુખ્ય શહેર કરાચી છે. (પહેલાં એને ઘડબો કહેતા) એમાં ૧૧૫૪૦૭ માણસની વસ્તી છે. એ સિંધ પ્રાંતમાં સૌથી મોટું બંદર તથા શહેર છે. અને તે સીધની રાજ્યધાનીનું શહેર છે, એમાં મોટા હાકેમ કમીસ્નર સાહેબ રહેછે. એમાં અંગ્રેજ લોકો વગેરેની ઓફીસો તથા કારખાના (ગોદીઓ) ઘણી છે એની ઉત્તરે ૧૦ મૈલને છેટે મગરપીરની જગ્યા છે ત્યા ઉના પાણીના ઝરણ છે; ત્યાં હિંદુ તથા મુસલમાન વગેરે બધા માણસો જાત્રાએ જાય છે. એ શેહેરમાં જોવા લાયક ઠેકાણાં ઘણાં છે.

હૈદ્રાબાદ જિલ્લો.

સીમા—ઉત્તરે શિકારપુર જિલ્લો અને ખૈરપુર સંસ્થાન, પૂર્વે ખૈરપુર સંસ્થાન અને થરપારકર જિલ્લો, દક્ષિણે કચ્છનું રણ, પશ્ચિમે સિંધુ નદી છે.

વિસ્તાર—ક્ષેત્રફળ ૯૦૩૩ ચોરસ મૈલ છે, અને ૯,૯૦,૫૦૨ માણસની વસ્તી છે.

પર્વત—ગંજ (એમાં મેટની તથા માટીની ખાણ છે.)

મુખ્ય શહેર—હૈદ્રાબાદ, ગુની, બદીણા, ટન્ડોબાગેનો, ડેરોમોહોબતનો, ટન્ડોમહમદખાનનો, નવા હાલા, શેહેદદપુર, મીરપુરખાસ, ટન્ડોઅલાયાર, નોશારોફેરોઝ, કંડીઆરો, મોરો, સકરંડ, નસરપુર વગેરે.

મુખ્ય રેલવે સ્ટેશન—ગીદુબંદર, હૈદ્રાબાદ, ટન્ડોજામ, મીરપુરખાસ અને ટન્ડોઅલાયાર.

પેદાશ—ઘઉં, જુવાર, બાજરી, મટર, જાંબો, રૂ, સરસી વગેરે.

રાજ્ય રિતી હકીકત—એમાં ચાર ડેપ્યુટી કલેક્ટર રહેછે. ૧ હૈદ્રાબાદનો, ૨ ટન્ડાનો, ૩ હાલાનો, ૪ નોશારોફેરોઝનો. હૈદ્રાબાદ તાલુકો એ હૈદ્રાબાદના ડેપ્યુટી કલેક્ટરના તાબામાં છે. ગુની, બદીણા, ટન્ડોબાગેનો, ડેરોમોહોબતનો એ તાલુકા ટન્ડાના ડેપ્યુટી કલેક્ટરના તાબામાં છે. હાલા, શહેદદપુર, મીરપુરખાસ, ટન્ડોઅલાયાર એ તાલુકા હાલાના ડેપ્યુટી કલેક્ટરના તાબામાં છે. નોશારોફેરોઝ, કંડીઆરો, મોરો ને સકરંડ એ ચારે તાલુકા નોશારોફેરોઝના ડેપ્યુટી કલેક્ટરના તાબામાં છે.

વિશેષ હકીકત—આ જિલ્લો સિંધ પ્રાંતમાં કારીગરીને માટે પ્રખ્યાત છે, તેનું મુખ્ય શહેર હૈદ્રાબાદ છે. એમાં ૫૮૦૪૮ માણસની વસ્તી છે. એ પહેલાં કલ્હોડા તથા મીરોના વખતમાં સિંધ પ્રાંતની રાજધાણીનું શહેર હતું, એમાં ગુલામશાહ કલ્હોડાનો બાંધેલો કિલ્લો તથા મીનારા જેવા જેવા છે, એ શહેરની તથા ગીદુબંદરની વચ્ચે ગાંડા માણસોની મોટી હસ્પીતાલ છે. એ શહેરથી ૨૦ મૈલને છેટે લાલઉદેરાની જગ્યા છે ત્યાં ચૈત્ર માસમાં મોટો મેળો ભરાય છે.

શિકારપુર જિલ્લો.

સીમા—ઉત્તરે સિંધનો ઉપલો સરહદનો મુલક, પૂર્વે ભાવલપુર અને જેસલમીર, દક્ષિણે કરાચીજિલ્લો અને હૈદ્રાબાદ જિલ્લો, પશ્ચિમે કર અને ખીરથર પર્વત છે.

વિસ્તાર—ક્ષેત્રફળ ૮૧૧૮ ચોરસ મૈલ અને વસ્તી ૧૦૧૮૨૩૭ માણસની છે.

પર્વતો—દહારીઆડો એ ઉપર ઉનાળાના દહાડામાં ઘણા અંગ્રેજ વગેરે અમલદારો હવા ખાવા જાય છે. એ પર્વત ઉપર કુતરાની એક કબર (ઘોર છે.

મુખ્ય શહેર—શિકારપુર, સખર, નોશારોઅબરો, રોહડી ઘોટકી, મીરપુર મહારી, ઉબાવડો, લાડકાણા રતોદેરો, કંબર, નશીરાબાદ, મહેર, કંડ, ગાડીયાશીન, સીજવલ વગેરે શેહેરો છે.

મુખ્ય રેલવે સ્ટેશન—સિતા, રાધણ, લાડકાણા, રૂકજંકશન, શિકારપુર, સખર, રોહડી, ઘોટકી વગેરે.

પેદાશ—ઘઉં, બાજરી, જુવાર, રૂ, ઉન, ભાંગ, તમાકુ, શેરડી વગેરે.

રાજ્ય રિતી—આ જિલ્લામાં ચાર ડેપ્યુટી કલેક્ટર સાહેબ રહેછે. ૧ સખરનો, ૨ રોહડીનો, ૩ લાડકાણાનો, ૪ મેહેરનો. સખર, શિકારપુર, નોશારો-અબરો. એ તાલુકા સખરના ડેપ્યુટી કલેક્ટરના તાબામાં છે. રોહડી. ઘોટકી, મીરપુરમાથેલો, ઉબાવડો એ તાલુકા રોહડીના ડેપ્યુટી કલેક્ટરના તાબામાં છે. લાડકાણા, લબદરિયા, રતોદેરો, કંબર, એ તાલુકા લાડકાણાના ડેપ્યુટી કલેક્ટરના તાબામાં છે. નશીરાબાદ, મહેર, કકડ, એ તાલુકા મહેરના ડેપ્યુટી કલેક્ટરના તાબામાં છે.

વિશેષ હકીકત—શિકારપુર એ મુખ્ય શહેર છે. એને પેહેલાં ખોરાસાનની બાગોળે કહેતા. એમાં ૪૨૦૦૪ માણસની વસ્તી છે. એમાં વેપાર સારો ચાલેછે. ત્યાંના રહેવાશી સુઘડ અને ખુશમીજાજીછે.

ઉત્તર સરહદ.

સીમા—ઉત્તરે બલુચીસ્તાન ને પંજાબ, પૂર્વે સિંધુ નદી, દક્ષિણે શિકારપુર જિલ્લો અને પશ્ચિમે ખીલાત છે.

વિસ્તાર—ક્ષેત્રફળ ૨૫૬૫ ચોરસ મૈલ છે, વસ્તી ૨૩૨૪૬૨ માણસની છે.

મુખ્ય શહેર—જેકબાબાદ. **મુખ્ય રેલવે સ્ટેશન**—જેકબાબાદ ત્યાંથી રેલવે કોયટા, ચમન, અને કંદહાર તરફ જાય છે.

પેદાશ—ઘઊં, બાજરી, જુવાર, મટર, તલ, ચણા, સરસી, જાંબો, વગેરે.

રાજ્ય રિતી—એમાં ચાર તાલુકા છે. ૧ જેકબાબાદ, ૨ શહેદાદપુર, ૩ કુલ, ૪ કશ્મોર.

વિશેષ હકીકત—એમાં મુખ્ય શહેર જેકબાબાદ છે, એ શહેર જેકબ સાહેબે વસાવેલું તેથી તેનું નામ જેકબાબાદ પડ્યું છે. એમાં ૧૨૩૯૬ માણસની વસ્તી છે. એને પેહેલાં ખાનગઢ કહેતા, એમાં વરસાદ બહુ થોડો વરસે છે. અને એમાં જેકબ સાહેબની કબર છે.

થરપારકર જિલ્લો.

સીમા ઉત્તરે ખેરપુર સંસ્થાન, પૂર્વે રજપુતાના દેશી રાજ્યો, દક્ષિણે કચ્છનું રણ અને પશ્ચિમે હૈદ્રાબાદ જિલ્લો છે.

વિસ્તાર—ક્ષેત્રફળ ૧૨૭૨૯ ચોરસ મૈલ છે. અને વસ્તી ૩૬૪૧૬૮ માણસની છે.

પર્વત —કારૂંઝર.

સરોવર—સુમરા, મખી.

મુખ્ય શહેર-ઉમરકોટ, ખિપ્રા, સાંઘડ, છાછરો, મિઠી, દિપલો, નગરપારકર વિરાવવ, વંગાબઝાર, પેથાપુર, કાસંબો અને રાવતસર વગેરે.

રેલવે સ્ટેશન-શાદીપાલી (ત્યાંથી રેલવે ઉમરકોટ તરફ જાયછે.)

રાજ્ય રિતી-એમાં ૭ તાલુકા છે. ૧ ઉમરકોટ, ૨ ખિપ્રા, ૩ સાંઘડ, ૪ મિઠી, ૫ છાછરો. ૬ દીપલો, ૭ નગરપારકર.

વિશેષ હકીકત—આ જિલ્લામાં રેતીનાં રણ બહુ છે એનું મુખ્ય શહેર ઉમરકોટ છે. તેમાં ૩૭૦૨ માણસની વસ્તી છે. એમાં મોગલ વંશનો પ્રખ્યાત બાદશાહ અકબર ઈ. સ. ૧૫૪૨માં જનમ્યો હતો.

ખૈરપૂર સંસ્થાન.

સીમા—ઉત્તરે શિકારપુર જિલ્લો, પૂર્વે જેસલમીર સંસ્થાન, દક્ષિણે થરપારકર જિલ્લો તથા હૈદ્રાબાદ જિલ્લાનો કંઇક ભાગ, પશ્ચિમે સિંધુ નદી, અને હૈદ્રાબાદ જિલ્લો છે.

વિસ્તાર—ક્ષેત્રફળ ૬૧૦૯ ચોરસ મૈલ છે. અને વસ્તી ૧૯૯૫૨૫ માણસની છે.

મુખ્ય શહેર—ખૈરપુર, લાલુકોટ, કોટદીજી. ટન્ડો મસ્તીખાન. ગંબટરાણીપુર વગેરે.

પેદાશ—ઘઉં, મગ, જવ, કપાસ, નીર, જુવાર, મટર, ચણા, પાપડખાર, સરસી, જંબો.

વિશેષ હકીકત—એ સંસ્થાન મીર અલીમુરાદના દીકરા ફૈઝમહમદ ખાનના તાબામાં છે. એ સંસ્થાનનું રાજ્ય વહીવટ સુધારવા માટે અંગ્રેજ સરકાર પાસેથી એક વઝીર નામે ખાનબહાદુર કાદરદાદખાન સી. આઈ. ઈ. લીધેલ છે. તેથી હાલ રાજ્ય વહીવટ સારી રીતે ચાલેછે. એનું મુખ્ય શહેર ખૈરપુર છે. ત્યાંના રાજા મીર કહેવાય છે. એમાં ૬૨૪૦ માણુસની વસ્તી છે. એમાં રેતીનાં રણ તથા ટેકરા ઘણા છે. ત્યાં ખાગે ૫ પડીઓ થાય છે તેનાપર દર ઉંટે અઢી રૂપીઆ મીર સાહેબ લેછે.

શહેર વર્ણન.

કરાચી—એ શહેરમાં વેપાર ઘણો ચાલેછે. એમાં અંગ્રેજ વગેરે મોટી મોટી ઓફીસો તથા કારખાનાં ઘણાં છે. એમાં સિંધ હાકેમ કમીશ્નર સાહેબ રહેછે. એ શહેર સિંધ પ્રાંતની ગાદીનું છે એમાં જોવા લાયક ઠેકાણા ઘણાછે જેવાં કેઃ—ગવર્મેંટ ફ્રીયર હૉલ, અરર્કીન ગાર્ડન, ઇમપ્રેસ માર્કીટ, હાઇસ્કૂલ, કોલેજ, મદ્રેસા, મેરીવેધર ટૉવર, ગિસરી, મનોડા, (ઢીલ મનોડાનો કિલ્લો, વર્કશૉપ) વગેરે ઘણાં છે.

નગરઠઠ્ઠા—એ ઘણુંજ અસલી જુનું શહેર છે. અગાઉ તે ઘણું મોટું હતું હાલ પડીભાગેલું છે. તેમાં જુમા મશીદ, મકલીનું મુકામ કુબા ઘણાં જોવા જોગ છે. એમાં રેશમી લુંગીઓ તથા અલ ઘણી સારી બનેછે.

કોટડી—એ બંદર છે. એમાં આગબોટો ઉભી રહેછે. અને સિંધુ નદી ઉતારવાના કામમાં આવેછે ત્યાં વેપાર ઠીક ચાલેછે.

સેવાન—એ શેહેરમાં દર વરસે શાબાનવાલા મહિનાની ૨૧મી તારીખે લાલશાહબાજનો મોટો મેળો ભરાય છે.

હૈદ્રાબાદ—એ શેહેરમાં અસલ સિંધ પ્રાંતની ગાદી હતી એમાં સોનેરી ભરતકામ અને હાથીદાંતનું કામ સારૂં થાય છે. એમાં મીર લોકોની કબરો ઘણી છે. બીજાં જોવા લાયક ઠેકાણાં જેવાં કે:—ટ્રેનીંગ કોલેજ, એગ્રીકલચર સ્કૂલ વગેરે

ગીઝુબંદર—એ બંદર છે. એની પાશે ગાંડા માણસોની મોટી ઇસ્પીતાલ છે. એ બંદર હૈદ્રાબાદથી ત્રણ મૈલ છેટેછે ત્યાં હવા સારી છે. [હતો.

નશરપુર—એમાં ઉડેરોલાલનો જન્મ સંવત ૧૦૦૭ના ચૈત્ર સુદી બીજનો થયો

શિકારપુર—એમાં વેપાર ઠીક ચાલેછે ત્યાંના રહેવાશી ઘણા સુઘડ છે.

સખર—એ બંદર છે. એની અને ભખરની વચ્ચે લોઢાનો ઝુલતો પુલ બાંધેલો છે તે જોવા જોગ છે.

રામાબાદ—એમાં વરસાદ ઘણો થોડો વરસેછે. ત્યાં રેલનું પાણી ચડેછે તેથી ખેતી સારી થાય છે.

થરપારકર જિલ્લો—એમાં રેતીનાં રણ છે, ત્યાંના ઊંટ વખણાય છે.

નગર પારકર—એ કચ્છના રણમાં બેટ જેવા છે. ત્યાં વરસાદ થોડો વરસેછે.

અમરકોટ—એમાં પ્રખ્યાત અકબર બાદશાહ ઇ. સ. ૧૫૪૨માં જનમ્યો હતો.

ખૈરપુર—એ દેશી રાજ્ય છે એમા મીર ફૈઝમહમદખાન રાજ્ય કરેછે.

બીજા ધોરણમાં જોઈતી જમીન અને પાણીના ભાગની વ્યાખ્યા.

બેટ—જમીનનો જે ભાગ ચારે તરફ પાણીથી વીંટાયલો હોય તે ને બેટ કહેછે બેટથી ઉલટુ સરોવર અથવા હૃદ.

ભૂશિર—જમીનની અણી લાંબી થઈ સમુદ્રમાં ગએલી હોય તેને ભૂશીર કહેછે.

પર્વત—ઘણા ઉંચા અને લાંબા ગએલા ટેકરાઓને પર્વત કહેછે.

બંદર—નદી કે દરીઆ કીનારે જે શહેર આવેલું હોય અને વહાણ કે

આગબોટથી માલ ચડતો ઉતરતો હોય તેને બંદર કહેછે.

સ્ટેશન જે જગાએ આગગાડીમાં ચડવું ઉતરવું હોય તેને સ્ટેશન કહેછે.

પ્રાંત ઇલાકામાં મોટા ભાગને પ્રાંત કહે છે પ્રાંતના મુખ્ય અમલદારને કમિશનર કહેછે.

જિલ્લો સરકારના ખાલસા મુલકને જીલ્લો કહે છે જીલ્લાના અમલદારને કલેક્ટર કે ડિસ્ટ્રીક્ટ માજીસ્ટ્રેટ કહે છે જીલ્લાના વિભાગને સબડિવિઝન કહે છે સબડિવિઝનના અમલદારને ડેપ્યુટી કલેક્ટર કહેછે.

તાલુકો- સબ ડિવિઝનના પેટા વિભાગને તાલુકો કહે છે અને તેના અમલદારને મુખત્યારકાર કહેછે.

સંસ્થાન પ્રાંતમાંના જે મુલક દેશી રજવાડાના તાબામાં હોય તેને સંસ્થાન કહેછે સંસ્થાનની ખંડણી વસુલ કરનાર અધીકારીને પોલિટિકલ એજન્ટ કહેછે.

સરોવર પાણીના જે ભાગ જમીનથી ચોતરફ ઘેરાએલો હોય તેને સરોવર કહે છે સરોવરને સિંધમાં ઢંઢ કહેછે.

નદી- મીઠા પાણીના જે પ્રવાહ પર્વતમાંથી કે સરોવરમાંથી નીકળીને ઘણી જગ્યામાં થઈ સમુદ્રને મળે છે તેને નદી કહેછે.

નદીનું મુળ- નદી જે ઠેકાણેથી નીકળેછે તેને મુળ કહેછે.

નદીનું મુખ- નદી જે ઠેકાણે સમુદ્રને મળેછે તેને મુખ કહેછે.

ખાડી- સમુદ્રને મળતા પહેલાં ભરતીનું પાણી માંહે આવે એવું જે નદીનું મુખ પહોળું હોય તેને ખાડી કહેછે.

નાળા નદીના આડા અવળા ફાંટા કુદરતી રીતે પસરેલા હોય તેને નાળા કહેછે.

નહેર- નદીમાંથી જે પ્રવાહ બીજે રસ્તે વાળીને દુર લઈ જવામાં આવ્યો હોય તેને નેહેર કહે છે નહેરને સીંધીમાં વાહાય કહે છે.

સમાસ.